RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 114 Date: 15.02.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## લોકોના જીવનમાં સરકારની દખલગીરી ઓછી હોવી જોઈએ : વડાપ્રધાન




દુબઈ,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે હું માનું છું કે આજે દુનિયાને એવી સરકારની જરૂર છે જે બધાને સાથે લઈને ચાલે. તેઓ દુબઈમાં વર્લ્ડ ગવર્મેન્ટ્સ સમિટમાં બોલી રહ્યા હતાં

પીએમ મોદીએ કહ્યું, 'દુબઈ જે રીતે વૈશ્વિક અર્થતંત્ર, વાણિજ્ય અને ટેક્નોલોજીનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે તે મોટી વાત છે.'તેમણે કહ્યું કે આજે આપણે ૨૧મી સદીમાં છીએ. એક તરફ દુનિયા આધુનિકતા તરફ આગળ વધી રહી છે તો બીજી તરફ છેલ્લી સદીથી ચાલી રહેલા પડકારો પણ એટલા જ વ્યાપક બની રહ્યા છે. પછી તે ખાદ્ય સુરક્ષા હોય, આરોગ્ય સુરક્ષા હોય, જળ સુરક્ષા હોય, ઉર્જા સુરક્ષા હોય કે શિક્ષણ હોય. દરેક સરકાર તેના નાગરિકો પ્રત્યે ઘણી જવાબદારીઓથી બંધાયેલી હોય છે. આજે દરેક સરકાર સમક્ષ પ્રશ્ન એ છે કે તેણે કયા અભિગમ સાથે આગળ વધવું જોઈએ. હું માનું છું કે આજે દુનિયાને એવી સરકારની જરૂર છે જે દરેકને સાથે લઈ જાય.

પીએમએ કહ્યું, 'મારું માનવું છે કે સરકારની ગેરહાજરી હોવી જોઈએ અને સરકારનું દબાણ ન હોવું જોઈએ. તેના બદલે, હું માનું છું કે લોકોના જીવનમાં સરકારી દખલગીરી ઓછી થાય તે સુનિશ્ચિત કરવાનું કામ સરકારનું છે. આ ૨૩ વર્ષોમાં સરકારમાં મારો સૌથી મોટો સિદ્ધાંત રહ્યો છે - 'ન્યૂનતમ સરકાર, મહત્તમ શાસન'. મેં હંમેશા એવું વાતાવરણ ઊભું કરવા પર ભાર મૂક્યો છે જેમાં નાગરિકોમાં સાહસ અને ઊર્જાની ભાવનાનો વિકાસ થાય.

તેમણે વધુમાં કહ્યું કે, 'સબકા સાથ-સબકા વિકાસ'ના મંત્રને અનુસરીને, અમે સંતૃપ્તિના અભિગમ પર ભાર આપી રહ્યા છીએ. સંતૃપ્તિના અભિગમનો અર્થ એ છે કે કોઈ પણ લાભાર્થીને સરકારી યોજનાઓના લાભોથી વંચિત ન રહેવું જોઈએ, સરકારે પોતે જ તેમના સુધી પહોંચવું જોઈએ. શાસનના આ મોડેલમાં, ભેદભાવ અને ભ્રષ્ટાચાર બંનેનો અવકાશ સમાપ્ત થાય છે.પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, 'દુબઈ આજે વૈશ્વિક ટેક્નોલોજીનું કેન્દ્ર બની રહ્યું છે અને વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ વિશ્વભરના વિચારશીલ નેતાઓને એકસાથે લાવવાનું ૫ લેટફોર્મ બની ગયું છે. આ સાથે જ તેમણે કહ્યું કે, 'હું માનું છું કે આજે વિશ્વને એવી સરકારોની જરૂર છે, જે સર્વસમાવેશક હોય, જે દરેકને સાથે લઈ જાય. ખાદ્ય સુરક્ષા હોય, આરોગ્ય સુરક્ષા હોય, જળ સુરક્ષા હોયપ, ઉર્જા સુરક્ષા હોયપ કે શિક્ષણ હોય, સમાજને સર્વસમાવેશક બનાવેપ દરેક સરકાર તેના નાગરિકો પ્રત્યે ઘણી જવાબદારીઓથી બંધાયેલી હોય છે. મોદીએ કહ્યું કેઅમે લાસ્ટ માઈલ ડિલિવરી અને સંતૃપ્તિના અભિગમ પર ભાર આપી રહ્યા છીએ. સંતૃપ્તિના અભિગમનો અર્થ એ છે કે, કોઈ પણ લાભાર્થીને સરકારી યોજનાઓના લાભોથી વંચિત ન રહેવું જોઈએ, સરકારે પોતે જ તેમના સુધી પહોંચવું જોઈએ. શાસનના આ મોડેલમાં ભેદભાવ અને ભ્રષ્ટાચાર બંનેનો અવકાશ સમાપ્ત થાય છે.તેમણે કહ્યું, 'અમે શાસનમાં જનતાની ભાવનાઓને પ્રાથમિકતા આપી છે. અમે દેશવાસીઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છીએ. અમે લોકોની જરૂરિયાતો અને લોકોના સપનાઓ પૂરા કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજે ભારત સૌર, પવન, પાણી તેમજ બાયોફ્યુઅલ અને ગ્રીન હાઈડ્રોજન પર કામ કરી રહ્યું છે. આપણી સંસ્કૃતિ આપણને શીખવે છે કે કુદરત પાસેથી આપણને જે મળ્યું છે તે પાછું આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેથી, ભારતે વિશ્વને એક નવો રસ્તો સૂચવ્યો છે, જેને અનુસરીને આપણે પર્યાવરણને ઘણી મદદ કરી શકીએ છીએ. આ માર્ગ છે - મિશન લાઈફ એટલે કે પર્યાવરણ માટે જીવવું.તેમણે કહ્યું, 'અમે માત્ર સરકારો સામેના પડકારોનો ઉકેલ નહીં લાવીશું, પરંતુ વિશ્વ ભાઈચારાને પણ મજબૂત કરીશું. વિશ્વ મિત્ર તરીકે ભારત આ વિચાર સાથે આગળ વધી રહ્યું છે. અમે અમારા જી૨૦ પ્રેસિડેન્સી દરમિયાન પણ આ ભાવનાને આગળ વધારી હતી. અમે એક પૃથ્વી, એક પરિવાર છીએ. એક ભાવિએ આ ભાવનામાં આગળ વધવું જોઈએ.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીની મંત્રી સ્તરીય બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'એક દાયકામાં આપણે વિશ્વની ૧૧મી સૌથી મોટી અર્થવ્યવસ્થામાંથી ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયા છીએ. આ જ સમયગાળામાં, અમારી સૌર ઉર્જા ક્ષમતામાં ૨૬ ગણો વધારો થયો, અમારી નવીનીકરણીય ઉર્જા ક્ષમતા પણ બમણી થઈ અને અમે આ સંદર્ભે અમારી પેરિસ પ્રતિબદ્ધતાઓને સમયમર્યાદા પહેલા વટાવી દીધી.આ પહેલા મોદીએ દુબઈમાં યુએઈના વડા પ્રધાન અને દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન નેતાઓએ વેપાર, રોકાણ, ટેક્નોલોજી, અવકાશ, શિક્ષણ અને લોકો વચ્ચેના સંબંધો સહિત દ્વિપક્ષીય સહયોગના વ્યાપક ક્ષેત્રોની ચર્ચા કરી હતી.

## વડાપ્રધાન મોદીએ પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી

નવીદિલ્હી,તા.૧૪

વર્ષ ૨૦૧૯નો આજનો દિવસ એટલે કે ૧૪ ફેબ્રુઆરીના દિવસે જ પુલવામાં થયેલ આતંકવાદી હુમલામાં આપણાં ૪૦ વીર જવાનો શહીદ થયા હતા. આજે આ હુમલાની વરસીના દિવસે વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ અપર્ણ કરી છે. મહત્વનું છે કે, આ આજે એટલે કે ૧૪ ફેબ્રુઆરી અને બુધવારે જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે પુલવામા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર લખ્યું, 'હું પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ આપું છું. દેશ માટે તેમની સેવા અને બલિદાન હંમેશા યાદ રહેશે. બુધવારે જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. વડાપ્રધાન ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ,વિવિધ પક્ષોના નેતાઓ તથા શહીદ થયેલા જવાનોના પરિવારે પણ શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ અર્પિત કરી છે.

નોંધનિય છે કે, પુલવામા આતંકવાદી હુમલો ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ થયો હતો. આ ભારત પરના સૌથી ભયાનક આતંકવાદી હુમલાઓમાંથી એક માનવામાં આવે છે. આ કાળા દિવસે આતંકવાદીઓએ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના કાફલાને ૨૦૦ કિલો વિસ્ફોટકોથી ભરેલા વાહન સાથે નિશાન બનાવ્યું હતું. આતંકી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા, જ્યારે ૩૫ ઘાયલ થયા હતા.સીઆરપીએફના કાફલામાં ૭૮ વાહનો હતા, જેમાં ૨૫૦૦થી વધુ જવાનો મુસાફરી કરી રહ્યા હતા.

સીઆરપીએફના કાફલા પર થયેલા હુમલા બાદ આખો દેશ બદલાની આગમાં ભડકે બળી રહ્યો હતો. પુલવામા હુમલાની તૈયારીઓ આંતરિક રીતે ચાલી રહી હતી. બીજી તરફ ર મોદી દેશના ગુસ્સા પર પ્રહાર કરતા પહેલા લગભગ રોજ ભરોસાપાત્ર નિવેદનો આપી રહ્યા હતા. ૨૬ ફેબ્રુઆરીની મોડી રાત્રે અને ૨૭ ફેબ્રુઆરીની વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ ભારતીય વિમાનોએ પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને આતંકવાદી સંગઠન જૈશ-એ. બાલાકોટમાં મોહમ્મદના સ્થળો પર ઘણા બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. પ્રસંગની ગંભીરતા જોઈને પાકિસ્તાને પોતાના ëë-૧૬ એરક્રાફ્ટને સક્રિય કરી દીધું પણ ત્યાં સુધીમાં ભારતીય વાયુસેના પોતાનું કામ કરી ચૂકી હતી. ભારતે આ હુમલામાં સેંકડો આતંકવાદીઓ માર્યા હોવાનો દાવો કર્યો હતો. તે જ સમયે, દેશની જનતાએ આ હવાઈ હુમલાને પ્રશંસનીય પગલું ગણાવ્યું હતું.

## બરફના તોફાનથી થીજી ગયું અમેરિકા, ૧૨૦૦થી વધુ ફ્લાઈટો રદ, શાળા-કોલેજો પણ બંધ કરાઈ

વોશિંગ્ટન, તા. ૧૪

અમેરિકાના ઉત્તર-પૂર્વીય કિનારા પર બરફના તોફાને ખૂબ તબાહી મચાવી છે. ન્યૂયોર્ક, પેન્સિલવેનિયા અને મેસેચ્યુસેટ્સમાં સ્કુલ-કોલેજ બંધ કરી દેવાઈ છે. લગભગ ૧૨૦૦ ફ્લાઈટ્સને રદ કરી દેવાઈ છે. જેમાંથી મોટાભાગની ફ્લાઈટ ન્યૂયોર્ક અને બોસ્ટનથી રવાના થવાની હતી. આ સિવાય ૧૭૦૦ ફ્લાઈટ મોડી રવાના થઈ. પોલીસે કહ્યુ કે તોફાનના કારણે પેન્સિલવેનિયામાં એક ૨૦ વર્ષીય યુવકનું મોત નીપજ્યુ છે.પૂર્વી પેન્સિલવેનિયાથી લઈને મેસેચ્યુસેટ્સમાં સવારે ભારે હિમવર્ષા પણ થઈ. તેનાથી ૫૦ મિલિયન (૫ કરોડ) લોકો પ્રભાવિત થયા.



મંગળવારે ૧૫.૫ ઈંચ એટલે કે ૩૯ સેમી હિમવર્ષા નોંધાઈ. હિમવર્ષાથી પેન્સિલવેનિયાના ૧,૫૦,૦૦૦ ઘરની વીજળી ગુલ થઈ ગઈ.બરફના તોફાનથી ટ્રાફિક પર પણ અસર પડી. બોસ્ટન અને ન્યૂયોર્કમાં કાર દુર્ઘટનાઓની ઘટના સામે આવી. અમુક વિસ્તારોમાં માર્ગો પર કમર્શિયલ વાહનો પર પ્રતિબંધ લગાવી દેવાયો. લોકોને જરૂરી ન હોય તો મુસાફરી ન કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.ન્યૂયોર્ક શહેરમાં ૭૪૪ દિવસ બાદ હિમવર્ષા થઈ. ત્યાં બે વર્ષમાં ૨.૫ ઈંચથી વધુ બરફ જોવા મળ્યો નથી. સેન્ટ્રલ પાર્કમાં ૩.૨ હિમવર્ષા થઈ. જેનાથી જાન્યુઆરી ૨૦૨૨ બાદ આ ન્યૂયોર્કનું સૌથી બર્ફીલો દિવસ બની ગયો. ન્યૂયોર્કમાં પહેલા શિયાળામાં હિમવર્ષા થવી સામાન્ય વાત હતી પરંતુ હવે આવો નજારો જલ્દી જોવા મળતો નથી. એક સ્થાનિક વ્યક્તિએ જણાવ્યુ કે હવે શિયાળો ઘટી રહ્યો છે. ઉનાળો વધુ દિવસ સુધી રહે છે.

મંગળવારે બપોરે તોફાન ન્યૂયોર્કથી પૂર્વ કનેક્ટિકટ, રોડ આઈલેન્ડ અને દક્ષિણી મેસેચ્યુસેટ્સ તરફ વધવા લાગ્યુ. પેન્સિલવેનિયાના અમુક વિસ્તારોમાં એક ફૂટ હિમવર્ષા થઈ છે. પેન્સિલવેનિયા અને મેસેચ્યુસેટ્સમાં ૫૦,૦૦૦થી વધુ લોકોના ઘરે હજુ પણ વિજળી નથી.

## અમદાવાદીઓ સી-પ્લેનના સપના જોવાના છોડી દેજો, સરકારે જ હાથ અદ્ધર કર્યા



અમદાવાદમાં રિવરફ્રન્ટ પર મોટાઉપોડે શરૂ કરાયેલી સી-પ્લેન સેવાનું હજુ કોઈ ઠેકાણુ પડ્યું નથી. લાખો કરોડોના ખર્ચે બાદ પણ સી-પ્લેન આજે બંધ અવસ્થામાં છે. વિધાનસભામાં ખુદ સરકારે એ વાતના અણસાર આપ્યા કે, સી-પ્લેન હજુ શરૂ થાય થાનસભા સકાર તેવી શક્યતા નહિવત છે.રિવરફ્રન્ટ પર અમદાવાદ-કેવડિયા વચ્ચે સી-પ્લેન શરૂ કરાયુ હતું. શરૂઆતના તબક્કામાં ધૂમ પ્રચાર કરીને વાહવાહી મેળવવામાં આવી હતી પણ જતાં દિવસે સી-પ્લેન ખોટકાયુ હતું. રિપેરના બહાને આ સેવા બંધ કરાઈ હતી. હજુ સુધી આ સી-પ્લેનના ઠેકાણાં નથી. વિધાનસભામાં આ મુદ્દો ઉઠતાં સરકારે ઉત્તર પાઠવ્યો છેકે, વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં એમ કુલ મળીને સી-પ્લેન માટે રૂા. ૨૨ કરોડની ફાળવણી કરી હતી જે પૈકી હજુ સુધી રૂા.૪.૪૯ કરોડ વપરાયેલાં રહ્યા છે.

## ભાજપ જેને ભ્રષ્ટ કહે છે તેમને પાર્ટીમાં લેવા માગે છે, તે મને પણ..' મહુઆ મોઈત્રાએ કર્યો કટાક્ષ

નવી દિલ્હી, તા. ૧૪

તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ સાંસદ મહુઆ મોઈત્રાએ મહારાષ્ટ્રના પૂર્વ સીએમ અશોક ચવ્હાણના ભાજપમાં જોડાવા પર કટાક્ષ કર્યો છે. તેમણે ટ્વીટર પર લખ્યું કે, ભાજપ જે નેતાને ભ્રષ્ટ કહે છે તેમને પાર્ટીમાં લેવા માગે છે. આવી જ રીતે એક દિવસ તેઓ ઈચ્છશે કે હું પણ તેની પાર્ટીમાં સામેલ થઈ જાઉં. આ તેમનું નીચલું સ્તર છે. મહુઆ મોઈત્રાને ગત વર્ષે 'કેશ ફોર ક્વેરી'ના આરોપમાં પોતાનું સાંસદ પદ ગુમાવવું પડ્યુ હતું. તેમના પર આરોપ હતો કે, તેમણે એક બિઝનેસમેન પાસેથી પૈસાના બદલામાં સંસદમાં ગૌતમ અદાણી સાથે સંબંધિત સવાલો પૂછ્યા હતા. એટલું જ નહીં તેમણે તે બિઝનેસમેનના સ્ટાફ સાથે પોતાનું સંસદનું લોગિન આઈડી પણ શેર કર્યું હતું અને તેમના ત્યાંથી જ સવાલો અપલોડ કરવામાં આવ્યા હતા.મહુઆ મોઈત્રાએ કહ્યું કે, મને લાગે છે કે રામ લલ્લાની કૃપાથી ૨૦૨૪ની ચૂંટણીમાં ૪૦૦ બેઠકો આવી જ રહી છે તો પછી ભાજપ દરેક નેતાને પોતાના જ પક્ષમાં લાવવા માટે આટલી બેચેન કેમ છે. તે એવા નેતાઓને પણ પોતાના પક્ષમાં લાવી રહી છે જેમને એક સમયે તેમણે ભ્રષ્ટ જાહેર કર્યા હતા. જો આવું જ ચાલુ રહ્યું તો તેઓ ટૂંક સમયમાં મને પણ પોતાની પાર્ટીમાં લેવા માંગશે. મહુઆ મોઈત્રાએ ભલે પેતાનું સાંસદ પદ ગુમાવી દીધું હોય પરંતુ સ્ક્ર ચીફ મમતા બેનર્જીનો તેમના પરનો વિશ્વાસ ઓછો થયો નથી. મહુઆને સમર્થન આપતાં તેમણે કહ્યું હતું કે, મહુઆને સસ્પેન્ડ કરવાથી તેમને જ ફાયદો થશે.મમતા બેનર્જીના વલણ પરથી એવું માનવામાં આવી રહ્યું છે કે, મહુઆ મોઈત્રા ફરી એકવાર કૃષ્ણનગર લોકસભા બેઠક પરથી મેદાનમાં ઉતરશે જ્યાંથી તેઓ સાંસદ હતા. જે અશોક ચવ્હાણ વિશે મહુઆ મોઈત્રાએ કટાક્ષ કર્યો છે તેમણે આદર્શ હાઉસિંગ કૌભાંડને કારણે સીએમ પદ છોડવું પડ્યું હતું.

તંત્રી લેખ......

# લગ્નસરાને લઇ ખેડૂતોને ગલગોટાના ડબલ ભાવ

શિયાળુ સિઝનમાં મહેસાણા જિલ્લાની ૧૩૦ હેક્ટર જમીનમાં ગલગોટાનું વાવેતર થયું હતું. ૧૨૦૦ ટનના ઉત્પાદન સામે ખેડૂતોને ગત વર્ષ કરતાં ચાલુ સિઝનમાં બમણો ભાવ મળ્યો છે. કારણ કે લગ્નની સિઝન સાથે શ્રીરામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ ફૂલોની માંગ વધી હતી.જિલ્લામાં ગત વર્ષે શિયાળુ સિઝનમાં ૧૨૦ હેક્ટરમાં ગલગોટાનું વાવેતર થયું હતું. જેમાં ૧૧૪૦ ટન ઉત્પાદન મળ્યું હતું. જોકે, ખેડૂતોને પ્રતિ કિલોએ રૂ.૪૦થી ૬૦નો ભાવ મળ્યો હતો. ચાલુ સાલે લગ્નની સિઝન સાથે અયોધ્યામાં શ્રીરામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઊજવણી ખેડૂતોને ફળી છે.ચાલુ સાલે ૧૩૦ હેક્ટરમાં થયેલા ગલગોટાના વાવેતરમાંથી ૧૨૦૦ ટન જેટલું ઉત્પાદન મળ્યું હતું. ફૂલોની માંગ વધતાં ખેડૂતોને ચાલુ સિઝનમાં પ્રતિ કિલોએ રૂ.૮૦થી લઈ રૂ.૧૨૦નો ભાવ મળ્યો છે. એટલે કે, ફૂલોની ખેતી કરતાં ખેડૂતોને ગત વર્ષ કરતાં બમણો ભાવ મળ્યો છે.શિયાળુ સિઝનમાં જિલ્લાની ૧૩૦ હેક્ટરમાંથી ૧૨૦૦ ટન ગલગોટાનું ઉત્પાદન થયું છે. પ્રતિ કિલોએ સરેરાશ રૂ.૧૦૦ના ભાવ પ્રમાણે લગભગ રૂ.૧૨ કરોડના ફૂલનું વેચાણ થયું છે. વિજાપુર તાલુકામાં સૌથી વધુ ૨૫ હેક્ટરમાંથી ૨૨૫ ટન ગલગોટાનું ઉત્પાદન મળ્યું છે. એકલા વિજાપુર તાલુકામાંથી રૂ.સવા બે કરોડના ગલગોટાનું વેચાણ થયું છે.

# અરવલ્લીઃ કાલીયાકુવા બોર્ડર પરથી દારૂની હેરાફેરી કરતી દારૂ ભરેલી લક્ઝરીયસ ફોર્ચ્યુનર કાર ઝાડ સાથે ભટકાતાં ચાલકનું ઘટનાસ્થળે મોત



અરવલ્લી જીલ્લાની સરહદે રાજસ્થાન બોર્ડરેથી મોટા પ્રમાણમાં નાના- મોટા વાહનો મારફતે બુટલેગરો વિદેશી દારૂ ઠાલવવા સક્રિય બન્યા છે .બુટલેગરો હંમેશા રતનપુર ચેકપોસ્ટ થી દારૂ ની હેરાફરી કરી ગુજરાત મા દારૂ ધુસાડી રહ્યા છે . પરંતુ અરવલ્લી જીલ્લા પોલીસ વડા ની સખ્ત કામગીરી અને શામળાજી પોલીસે સઘન વાહન ચેકીંગ હાથ ધરી સતત દારૂ ઝડપી લેતા બુટલેગરોએ રેલ્લાવાડા અને કાલીયાકુવા બોર્ડર પરથી વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે.મેઘરજની કાલીયાકુવા ચેકપોસ્ટ પર ઉભી કરેલી પોલીસ ચોકી નજીક દારૂ ભરેલી ફોર્ચ્યુનર કાર ધડાકાભેર અથડાતા કારના આગળના ભાગના ફૂરચેફૂરચા નીકળી ગયા હતા અને કાર ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ફોર્ચ્યુનર કારમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલો હોવાથી પોલીસ ચોંકી ઉઠી હતી અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા ફોર્ચ્યુનર કારમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ થતા મેઘરજ પોલીસ દોડી આવી હતી અને મૃતકની લાશને પીએમ માટે ખસેડી કારમાંથી ૬૨ હજારથી વધુનો દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.મેઘરજની કાલીયાકુવા ચેકપોસ્ટ પર મંગળવારે વહેલી સવારે રાજસ્થાન તરફથી દારૂ ભરેલી ફોર્ચ્યુનર કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા પોલીસ ચોકી નજીક ઝાડ સાથે ધડાકાભેર અથડાતા પોલીસ ચોકીમાં ફરજ બજાવતા પોલીસકર્મીઓ બહાર દોડી આવ્યા હતા. ફોર્ચ્યુનર કાર ઝાડ સાથે ભટકાતા કાર ચાલક બુટલેગરનું સ્થળ પર મોત નીપજ્યું હતું. પોલીસે ફોર્ચ્યુનર કારમાંથી ૬૨ હજારનો દારૂ જપ્ત કરી મૃતક બુટલેગર રજજાક માજિદખાન પઠાણ (રહે, સરદાર આવાસ,બાકરોલ, આણંદ) સામે ગુન્હો નોંધી મૃતકની લાશને પીએમ માટે ખસેડી દીધો હતો અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

# મોઢેરા પોલીસ સ્ટેશન ખાતે સતનારાયણ ભગવાનની કથા યોજાઈ



મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના મોઢેરા ખાતે આવેલ પોલીસ સ્ટેશન ની અંદર મોઢેરા પીએસઆઈ એચ એલ જોષી ના યજમાન પદે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી જેમાં સમગ્ર પોલીસ કર્મચારીઓ હાજર રહી કથાનો લ્હાવો લીધો હતો

પ્રાપ્ત વિગતો મુજબ મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના મોઢેરા ખાતે આવેલ પોલીસ મથક ની અંદર ભગવાન સત્યનારાયણની કથા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો દ્વારા હાજર રહી કથાનો લ્હાવો લીધો હતો જે કથા મોઢેરા પોલીસ મથકના પી.એસ.આઈ એચ એલ જોષીના યજમાન પદે યોજાઈ હતી

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

# વેલેન્ટાઇન ડેના દિવસે રાજુ રદીએ કોને ‘ બી માય વેલેન્ટાઇન’ કહેશે ?

‘ પ્રભો, માર્ગદર્શન કરો. સહાય કરો..ગદર્ભ મોક્ષ કરો. ‘ રાજુ બે હાથ જોડી કોઈ નાટકના સંવાદ ઉચ્ચાર્યા. તેના પર ગોરધન જેવા દીનહીન ભાવો હતા. નરી લાચારી.રાજુ રદી લાકડીની જેમ મારા પગમાં પડી ગયો. રાજુ રદી અને મારી દોસ્તીમાં કદી આવા દ્રશ્યો જીવનના તખ્તા પર ભજવાયેવા નહીં. રાજુ આ દ્રશ્યાવલિ ઓસ્કાર એવોર્ડ માટે મોકલે તો બેસ્ટ એકટરનો ઓસ્કાર તેના હાથમાં જ હોય!

‘ રાજુ, તું ઊભો થા. સામેની ખુરશીમાં આસન ગ્રહણ કર. જો રાજુ મને ભગવાનબગવાન થવાનાં લેશમાત્ર રસ નથી. ભગવાનની અવદશા ભોગવવી નથી. રાજુ કોઈ કવિ કહી ગયા છે કે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું. મને તારો અઝીજ દોસ્ત રહેવા દે દોસ્ત’ મેં ભગવાન થવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો.

‘ ગિરધરલાલ, તમે ભલે ભગવાન ન થાવ. કિન્તું, આ સુદામાનું દુખ ભાંગો!’ રાજુ ફરી મારા પગમાં પડી ગિડગિડાયો. કદાચ કોઈ પેયની અસરની અસર ખત્મ નહીં થઈ હોય.

‘ રાજુ , ફરી પગમાં પડવાનું નાટક? હું રાજેશખન્નાનો ફેન છું..આઈ હેઈટ ડ્રામા, રાજુજુજુઅ’ હું કાકાની સ્ટીઈલમાં બોલ્યો!

‘વાહ મેરે સુપરસ્ટાર. દિલ ગાર્ડન ગાર્ડન હો ગયા!’ રાજુ રદી એબેડમેન ગુલશન ગ્રોવરની ઈસ્ટાઈલ મારી.

‘ રાજુ, નો બકવાસ સીધી બાત. મેઈન પોઈન્ટ પર આવી જા.’ મેં રાજુને ધમકાવ્યો.

‘ ગિરધરલાલ આ વખતે એક જાદુ જેવો ચમત્કાર થયો છે!’ રાજુએ કહ્યું.

‘ રાજુ, ફઈબાને મૂ?છ-દાઢી આવી છે?’ હું દાઢમાં બોલ્યો.

‘ ગિરધરલાલ, મને ખબર છે કે તમને સીધું નહીં પણ આડું એટલે કે કોચું બોલતા આવડે છે!’ રાજુએ અનભિજ્ઞ લાક્ષણિકતા વર્ણવી .

‘ રાજુ, સાફસૂફ કહી દે’ મેં રાજુને ફૂટબોલના રેફરીની જેમ રેડ કાર્ડ દેખાડ્યું . ફૂટબોલની રમતમાં યલો, રેડ કાર્ડ પ્રચલિત હતા. તેમાં બ્લુ કાર્ડ ઈન્ટ્રોડયુસ કરાયું છે. જેમાં રમત પર ઈરાદાપૂર્વક વિક્ષેપ કરનાર ફૂટબોલરે મેદાનમાંથી દસ મિનિટ બહાર રહેવાનું રહેશે!

‘ગિરધરલાલ, બે હજાર ચોવીસનું વરસ લાજવાબ છે. પૌરાત્ય અને પશ્ચિમી પ્રેમોત્સવ સાથે એટલે કે એક જ તારીખે આવે છે!બંનેની રાશિ પણ મિથુન છે. વેલેન્રાટાઈન ડે પહેલાં ગિફટ- ડે , ચોકલેટ-ડે, રોઝ- ડે, પ્રપોઝ-ડેની ઉજવણી યંગસ્ટર કરતા હોય છે!’રાજુએ નવી સંશોધનાત્મક માહિતી રજૂ કરી.

‘ રાજુ, એનો મતલબ એ થયો કે વેલેન્ટાઈન ડે અને વસંતપંચમી એક જ તારીખ-દિવસે એટલે ચૌદમી ફેબ્રુઆરીએ આવે છે. મોરલ પોલીસ-સેના વેલેન્ટાઈન ડે વિદેશી હોવાથી અને આપણી સંસ્કૃતિ પર જઘન્ય આક્રમણ હોવાના નામે હાકલા પડકારા અને છોકરા છોકરી પર ડંડા પછાડી. દુકાનોમાં તોડજોડ નહીં કરી શકે!’ મે શક્યતા દર્શાવી .

‘ગિરધરલાલ, તમારો મને તન, મન અને ધનથી મદદ કરવાની છે.’ આમ કહી રાજુ મારી તરફ આશાભરેલી નજરથી જાયું.

‘ રાજુ કેવા પ્રકારની મદદ?’ રાજુને સવાલ કર્યો.

‘ મને વેલેન્ટાઈન ડેની ઉજવણીનો અનુભવ નથી. તમારે મારા પ્રેમરથના સારથિ બનવાનું છે!’ રાજુએ કાર્ડ ઓપન કર્યા!જાણે હું પ્રેમપંથનો પહોંચેલો પોગા પંડિત ન હોવ તેમ રાજુ મારી મદદ માંગે છે. લગ્ન કરવા માટે મદદ જોઈતી હોંય તો રામંદિર કે કૃષ્ણ મંદિરે જવાય. હનુમાનજી ખુદ કુંવારા હોય તો આપણને શું મદદ કરે તેવો ઘાટ થાય!

‘ ઓકે, રાજુ . હું તારો કૃષ્ણ.’ મે રાજુને કહ્યું.

‘ ગિરધરલાલ, મારે મારી પ્રેયસીને ઓપન અગાસીમાં નેચરલ, હર્બલ,ઈકો ફ્રેન્ડલી,પ્રાકૃતિક રમ્ય વાતાવરણમાં ‘ બી માય વેલેન્ટાઈન ‘કહેવું છે. મારે મારા પ્રેમનો ઈજહાર-એકરાર કરવો છે!’ રાજુએ ધીરે ધીરે પોત પ્રકાશ્યુ.

‘ રાજુ, આ કંઈ ઉત્તરાયણની પતંગ ચગાવવાની છે? પતંગના રસિયાઓ ઉત્તરાયણની મોજ કરવા બેત્રણ દિવસ ખાણિયાની પોળમાં મકાનોની અગાસી ભાડે લે છે. અગાસીનું ભાડું પચીસત્રીસ હજાર હોય છે. બાય ધી ને વેલેન્ટાઈન ડે ઉજવણીનું તારું બજેટ કેટલું છે?’ મે લેગબ્રેક બોલ ફેંક્યો .

‘ ગિરધરલાલ, બજેટ તો ચાર-પાંચ હજાર રૂપરડીનું હોય! વધારે નહીં.ખાડિયાની પોળના ધાબા ભાડે રાખવાની પ્રપોઝલ કેન્સલ.એટલી રકમમાં પાંચ વરસ વેલેન્ટાઈન ડેની ઉજવણી પતી જાય!’ રાજુએ ગણતરીબાજ અમદાવાદીપણું સાબિત કર્યુ!

‘ રાજુ, કોઈ પાર્ટી પ્લોટ કે હાઈ વે હોટલ રેસ્ટોરેન્ટમાં વેલેન્ટાઈન ડેની ઉજવણી માટે ઓફર ચાલતી હશે. ત્યાં બાઈક પર લવરને બેસાડી લઈ જવાની . ત્યાં મ્યુઝિક, ડ્રિંક એન્ડ કેક કટિંગ,ડાન્સ, ડાઈન કરવાનું. આવડે એવો એબ્સર્ડ ડાન્સ કરવાનો. પ્રેયસીને દિલ શેઈપનું ટેડી આપવાનું . ચોકલેટસ આપવાની. વેલેન્ટાઈન ડેની ઉજવણીના નામે પાંચ હજાર રૂપરડીનું પેટ્રોલ બાળી ઘરે પાછા ફરવાનું . પ્રેમ લાંબો ચાલે તો કિસ-હગ મળે નહિંતર લુંગી ફાડીને રૂમાલ કરવાના!’ મે રાજુને વેલેન્ચાઈન ડેની ઉજવણી એલબોરેટ કરી!

‘ ગિરધરભાઈ, એ બધું તો ઠીક છે’ રાજુ રદી રડમસ થઈને હતાશાથી બોલ્યો.

‘ રાજુ, વોટ ઈઝ પ્રોબ્લેમ?’ મેં રાજુને પૂછ્યું.

‘ ગિરધરલાલ, એક હિન્દી મુવી છે. જેમાં એક ગીત છે.’ ઘર મેં હૈ પ્રોબ્લેમ, બહાર હૈ પ્રોબ્લેમ, આજુબાજુ ઉપરનીચ્ પ્રોબ્લ્મ હૈ! મારુ પણ આવું જ છે. વેલેન્ટાઈન ડેની ઉજવણીનો ખર્ચ તો આજુબાજુ કરી મેનેજ કરી શકાય. પરંતુ પ્રપોઝ કરવા છોકરી કે ડોશી તો જોઈએ કે નહીં ? સોલો લગ્નની માફક ખુદને ‘બી માય વેલેન્ટાઈન’ એમ કહેવામાં શું કાંદા કાઢવાની?’ રાજુએ મારા કાન પાસે માનો કે હાઈડ્રોજન બોમ્બ ફોડ્યો. મારા કાનમાં ધાક પડી ગઈ. હું મૂઢ, વિમૂઢ, દિંગમૂઢ, કિંકર્તવ્યમૂઢ થઈ ગયો. જૂના જમાનાની રંગભૂમિ કે સિનેમાના આરંભ સમયે ફિલ્મીલાઈન આઉટલાઈન એવી છાપ પ્રચલિત હતી.એ સમયે હીરોઈનનો રોલ ભજવવા કોઈ હીરોઈન તૈયાર થતી મ હતી. એટલે પુરૂષ એકટર હિરોઈનના કેરેકટરને ન્યાય કે અન્યાય આપી દેતા! હજુ ,ધી કપિલ શોમાં ક્રિશ્ર્ણા અભિષેક,અલીહસન, સુનિલ ગ્રોવર ફિમેઈલ કેરેકટર ભજવે છે! રાજુ ખુદને જ પ્રેયસી માની ખુદને બી માય વેલેન્ટાઈન કહે એ જ પ્રેકટિકલ રસ્તો છે!

રાજુ પણ માથાનો ફરેલ છે. ડોકટર જેવું સફેદ એપ્રન ઠઠાડી હાથમાં ફૂલ ગોબી લઈને ઘૂંટણિયે પડી ધતૂરાનું ફૂલ કોઈના હાથમાં થમાવ્યું. હરડેની ગોળીઓ આપી. સદાવ્રતમાં જઈ ડિનર ક્યું . પાછા ફોટા પણ એન્ટિશોશિયલ મિડીયામાં અપલોડ કર્યા!

કહે છે કે રાજુ રદીએ આધુનિક સમય સાથે માર્ચપાસ્ટ કરી .

કૃતિ સેનન તેરી બાતો મેં એસા ઉવઝા જિયા પિકચરમાં સિફરા નામના રોબોટનું પાત્ર ભજવે છે.આ ફિલ્મમાં બન્ને હાથેથી રસોઈ કરતી, મેકિનકલ ફેસની સાથે ભાવનાઓ વ્યક્ત કરતી તેમજ અન્યો રોજિંદી બાબતોમાં પોતાની કાબેલિયત દર્શાવતી જોવા મળશે જે એક રોબોટની પ્રમાણિકતાને જાળવી રાખશે. બસ, આ જ રીતે રાજુ રદીએ કોઈ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટને ‘બી માય વેલેન્ટાઈન ‘કહી નાંખ્યુ છે!

તમે ,પત્ની સિવાય કોને ‘બી માય વેલેન્ટાઈન ‘ કહેવાના છે તે અમને જણાવજો. એટલે તમે લઈ ગયા અને અમે રહી ગયા બ્રાંડ ભરપેટ ઈર્ષા કરી શકીએ!

ભરત વૈષ્ણવ

# રાજુ ગમે તે ઊંમરની મળે તેને પરણી જા, નહીંતર લીલ પરણાવવી પડશે-અમારું અલ્ટિમેટમ!!!

“ રાજુ તારો બાયો ડેટા-રીઝયુમ કયાં છે??”મે આજે ઉલ્ટી ગંગા વહાવી .હું રાજુ રદીને ઘરે ખાબક્યો. તૂટેલી ખાટલીમાં ડુક્કરની જેમ રાજુ ઘોરતો હતો. તેનું મેલું ગોદડું ગટર ગંગાની દુર્ગંધની ગરજ સારતું હતું. તેના વાળ શાહુડીના પીછા જેવા ઉભા થઈ ગયેલા.મેં તેવું ગોદડું ખેંચ્યું. ગોદડામાંથી ખાંડી ધૂળ ઉડી. ગોદડું બનાવ્યા પછી લગભગ ધોયું નહી હોય. આમ, રાજુ રદીએ ૦જળ એ જીવન છે. પાણી બચાવો, પાણી તમને બચાવશે ‘ને ચરિતાર્થ કરેલું. ગેંડા જેવો રાજુ આંખ ચોળતો ઉભો થયો“ ગિરધરભાઈ આવો. શું કામ હતું? તમે શું કામ તસ્દી લીધી?મને બોલાવી લીધો હોત તો??” રાજુએ પ્રશ્નોના બુકેથી મારું સ્વાગત કર્યું.

“ રાજુ. કોક દિવસ તો તારા ઘરની ચા પીવાનો લ્હાવો લેવો જોઈએ કે નહી??” મેં પણ રાજુને સવાલથી કોથળામાં પાંચશેરી ફટકારી.

“ મમ્મી હાઈકલાસ ચા બનાવ. ગિરધરભાઈએ આપણું આંગણું પાવન કર્યું . ધનભાગ આપણા કે ગિરધરભાઈ આપણે ત્યાં પધાર્યા.” રાજુ રદીએ તેની માને સૂચના આપી . તેની મા ‘ગિરધરભાઈ જે શ્રી કરશણ ‘કહેતા ચા-નાસ્તો મુકી ગયા.

“ બોલો, મારા બાયોડેટાની કેમ જરૂર પડી?? ક્યાંય નોકરી માટે આપવાનો છે??” રાજુએ ઓડિટર જનરલ જેવો સવાલ કર્યો.

“ તારા બાયોડેટા નોકરી માટે નહી પણ તારા હાથ પીળા કરવા માટે જોઈએ છે!!” “ હું સીધો મૂળ વાત પર આવ્યો.

“ કોઈ છોકરી તમારા ધ્યાનમાં છે??કેટલું ભણી છે? દેખાવમાં કેવી છે?? રંગરૂપે કેવી છે? હીરોઇન જેવી છે??” રાજુએ મકાઈ ફોડતા હોય તેમ તડતડ સવાલો કર્યા!

“રાજુ. ધીરો પડ. અથરો થઈશ નહી. બીપી વધી જશે તો છોકરી બાજુમાં રહેશે અને હોસ્પિટલમાં ઈનડોર પેશન્ટ તરીકે ટ્રિટમેન્ટ લેવી પડશે!!” મેં રાજુને સલાહ આપી!!

“ આ મારો બાયોડેટા છે. જે કરો એ જલદી કરજો.”

રાજુએ વિનંતી કરી.

“ રાજુ. જૂના જમાનામાં રાજકુંવરી પરણવા લાયક થાય એટલે વરની શોધ કરવા સ્વયંવર યોજતા હતા. જેમાં દસ વરસના દૂધ પીતા રાજકુમારોથી લઈને સિતેર વરસના શરાબ પિનાર રાજા લાઈન લગાડતા. બિગ બોસ શોમાં ઘરના સભ્યોને ટાસ્ક આપવામાં આવે તે રીતે સ્વયંવરમાં આવેલા ઉમેદવારોને વીસ મિનિટમાં પાંચ કિલો લીલા વટાણા ફોલવા કે મેથીની ભાજીના પાંદડા ચૂંટવા જેવા ઘરેલું ટાસ્ક આપતા હતા. કેટલીક જગ્યાએ રાતના વાસણો માંજવા આપી વાસણ સાફ કરવાની સ્કિલની ચકાસણી કરવામાં આવતા હતા. બાકી મત્સ્યવેધ કરવા કે શિવજીનું ધનુષ ઉપાડવા જેવા પીએચડી પ્રકારના ટાસ્ક રાજકુમારીને કુંવારી રાખવા માટે જ રાખવામાં આવતા હતા!! જો કે ક્યારેય રાજકુમારો માટે કન્યા પસંદ કરવા સ્વયંવધૂ કાર્યક્રમો રાખવામાં આવતા હોવાના દસ્તાવેજી પુરાવા મળતા નથી. અત્યારે શાકભાજી લેવો જતો યુવક શાકવાળના પ્રેમમાં ઊંધેકાંધ પડે છે તેન રાજકુમાર મૃગયા કરવા જાય તો ભલે દેડકો મારી ન આવે પણ કોઈ કુમારિકાના નયનબાણથી ઘાયલ થઈને આવતા હતા. છોકરીઓ પણ ઓછી ન હતી. બાણાસુરની પુત્રી ઓખાને પ્રદ્યુમ્ન ગમી ગયેલો. ઓખાએ તેની અંતરંગ સંખી ચિત્રલેખાને જણાવેલ.ચિત્રલેખાએ કૃષ્ણ ભગવાનના પૌત્ર પ્રદ્યુમ્નને ખટિયા સાથે કીડનેપ કરાવેલ. જગતમાં એકમાત્ર મહિલા દ્વારા પુરૂષના અપહરણની પહેલી અને છેલ્લી ઘટના કમ દુર્ઘટના હતી!!” અમે ઐતિહાસિક તથ્યો રજૂ કર્યા!!

“ ગિરધરભાઈ આપણે ક્યારે જવાનું છે??” રાજુની આંખમાં ડાળીએ વળગવાની આશાનો છેલ્લો ચમકારો હતો!!

“ અમદાવાદ શહેરમાં પણ એક અનોખો સ્વયંવર યોજાશે. ૫૫ વર્ષની ‘કન્યા’ ૫૫થી ૬૦ વર્ષના વિધુર અથવા ડિવોર્સી ઉમેદવારોમાંથી ‘મુરતિયો’ પસંદ કરશે. રવિવારે પાલડી સવારે ૮થી ૧૨ કલાક દરમિયાન આ અનોખા સ્વયંવરનું આયોજન કરાયું છે, જેમાં ઈચ્છુક ઉમેદવારોને બાયોડેટા, ફોટો તથા જન્માક્ષર લઈ હાજર રહેવા જણાવાયું છે અને એની ચોક્કસ નોંધ લેવી કે ઉમેદવારે મહાભારતની જેમ મત્સ્યવેધ કરવાનો નથી. જ્ઞાતિ કે ભણતરનો કોઈ બાદ નથી.જો કે આખરી પસંદગી વિવાહોત્સુક યુવાન વૃધ્ધાની રહેશે. રાજુ તું ફોર્મ ભરી રવિવારે પહોંચી. ખાડામાં પડેલા તારા ગ્રહો જોર કરતા હશે તો તારા પર પસંદગીનો કળશ ઢોળાશે. “ અમે રાજુને લગ્નનું ગાજર દેખાડ્યું.

“ ગિરધરભાઈ. હું પિસ્તાળીસ વરસનો કાચી કાકડી જેવો કુંવારો ને કન્યા( અરે ભાઈ ઘરચોળું ન પહેરે ત્યાં સુધી સિતેર વરસની સ્ત્રી પણ કન્યા કહેવાય!) પંચાવન વરસની. કયાં મેળ પડશે??”રાજુએ સમસ્યા કહી.“ રાજુ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. સચિન કરતા અંજલિ દસ વરસ મોટી છે. પયંગ્મબર સાહેબ કરતાં ખદીજા બીબી પંદર વરસ કરતાં મોટા હતા. આવું બધું કરીશ તો અમારે તારા મર્યા પછી તું કુંવારો હોવાના કારણે લીલ પરણાવવી પડશે!!” મેં કહ્યું ડીગ્રી કોન્વોકેશન સમયે વિધાર્થી ડીગ્રીના રોલ સાથે કૂદે અને કેપ હવામાં ઉછાળે તેમ રાજુ કૂદ્યો . મેં રાજુ રદીના ઘરમાંથી વિદાય લીધી!!

ભરત વૈષ્ણવ

# લગ્નગીત

હું કોડીલી કામણગારી કન્યા છું,
બાઇ ભેગી થઇ મને પીઠી ચોળો.

ભીતર અવનવા ઉમંગો ધુમરાય,
ઉરમાં ગુદગુદી મીઠી મીઠી ઘોળો

ફડક બેઠી બધું હેમખેમ પાર પડશે ?
નિર્વિઘ્ને લગ્ન કરવા માણેકથંભ રોપો!!

પતંગિયાની જેમ મન ઉડાઉડ કરે,
કંકુ છાંટી કોઇ લગ્ન ચિઠી ચોડો!!

મદનને નાથવા કોઈ મિંઢોળ બાંધો,
વિરહની ભડ ભડભડતી ભઠી હોલવો

અલ્લડપણું ત્યજી સંભાળીને પગ મુકું,
સાસરવાટ અજાણી અણદીઠી ભાળો.

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




ર્દ૨ જીજી ર્દ.૧૬૭★
★વિષયઃ-માઉતર-કમાઉતર"★
★શિર્ષક;-અદડીયોપાક★
★પ્રકારઃ- ગદ્ય - શબ્દઃ- ૨૦૦★
★નામઃ- નરેન્દ્ર ત્રિવેદી★

"સાંભળો છો?"

"હા, બોલ. સાંભળું છું. શું વાત છે? તારા રસોડામાંથી મીઠી મીઠી સુગંધ આવે છે. શું બનાવે છો?"

"હું, દિપુ માટે અદડીયોપાક બનાવું છું. તમને તો ખબર છે કે દિપુને અદડીયો બહુ ભાવે છે. દર શિયાળે મારી પાસે અચૂક બનાવડાવતો હતો." રમેશભાઈ મીનાબેનની વાતથી વિચારમાં પડી ગયા. માનું હૃદય છે ને! છોરુને કેમ ભૂલે.

મીનાબેન રસોડામાંથી અદડીયો ભરેલો ડબ્બો લઈને બહાર આવ્યા અને રમેશભાઈ સામે જોઈને કહ્યું, "આ ડબ્બો દિપુને ત્યાં આપી આવશો?"

રમેશભાઈને ના કહેવાનો વિચાર આવી ગયો પછી મીનાબેનના ચહેરાપરના ભાવ જોઈને વિચાર ફેરવી નાખ્યો. મીનાબેનના ચહેરા પર 'મા'ના વાત્સલ્યના ભાવ સ્પષ્ટ વંચાતા હતા. રમેશભાઈને દિપુને ઘરે કેવી આગતા સ્વાગતા થશે એ ખબર હતી. છતાં મીનાબેનના વાત્સલ્યને ઠેશ પહોંચાડવા નહોતા માંગતા.

હાઈરાઈઝ ફ્લેટની ડોરબેલ વાગી. બારણું ખુલ્યું.."તમે? અત્યારમાં?"

"શોભા, કોણ છે?"

"કોણ હોય! તારા પપ્પા છે. તેને સમય-કસમયની વેળા-કવેળાની કે માણસોના અંગત સમયની ક્યાં ગતાગમ છે."

રમેશભાઈને તો કેવું સ્વાગત થશે એ ખબર હતી એટલે શાંતિથી બહાર ઉભા રહ્યાં.

"પપ્પા, તમે? અત્યારમાં કેમ આવ્યા? મારું કઈ કામ હતું?"

"ના, બેટા. મારે તારું કોઈ કામ નથી. આ...તો...તારી..મમ્મીએ...સવાર...સવારમાં...તારી યાદ આવી એટલે અદડીયોપાક બનાવ્યો છે એ તને આપવા આવ્યો છું. તારી મમ્મી એ બહુ પ્રેમથી બનાવ્યો છે...ખાજે...ફેંકી ન દેતો." એમ કહીને રમેશભાઈ લિફ્ટમાં નીચે ઉતરી ગયા.

દિપુએ અદડીયાનો ડબ્બો ખોલ્યો. મસ્ત મજાની મીઠી સોડમ આવી રહી હતી. એક નાનકડી ચિઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું. "બેટા, એક જૂની કહેવત છે કે 'છોરું-કછોરું થાય પણ માઉતર-કમાઉતર ન થાય.' એ કહેવત આજે પણ દરેક માબાપ માટે સત્ય છે."

દિપુ દોડીને નીચે આવ્યો પણ રમેશભાઈ રિક્ષામાં ઘરે જવા નીકળી ચુંક્યા હતા. દિપુ સ્વગત બબડયો "હા, મમ્મી... પપ્પા...આ કહેવત આજે પણ સત્ય અને વાસ્તવિક છે. અમારી જેવા છોરું-કછોરું થાય પણ તમારી જેવા માઉતર ક્યારેય કમાઉતર ન થાય."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષયઃ- " માવતર કમાવતર"
શિર્ષક :- " વંશનો વેલો"
પ્રકાર :- પદ્ય. શબ્દ :- ૯૪
નામઃ- ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

મહેનત મજુરી કરી ભણાવ્યો અમે તેને,
રોજગારી અપાવી પરણાવ્યો અમે તેને,
પુત્રવધૂનાં મહેણાં અમને રોજ સંભળાય,
પણ માવતર કમાવતર કાંઈ થોડા થવાય?

શિખામણ અમારી એ કદી ન ગણકારે,
અમારા આત્માને કાયમ દુઃખ પહોંચાડે,
અમારાથી તેને કદી કાંઈ પણ ન કહેવાય,
પણ માવતર કમાવતર કાંઈ થોડા થવાય?

હાલતા ચાલતા અમને નફરતથી જુએ,
પુત્રવધૂ પણ અમને ડોળા કાઢીને ડરાવે,
અમારાથી જરાય પણ એ સહન ન થાય,
પણ માવતર કમાવતર કાંઈ થોડા થવાય?

પુત્રવધૂ કાયમ અમારી ફરિયાદ તેને કરે,
અંતે તે અમને વૃધ્ધાશ્રમમાં રહેવા મોકલે,
"મુરલી" અમારા વંશનો એ વેલો કહેવાય,
પણ માવતર કમાવતર કાંઈ થોડા થવાય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય : માવતર કમાવતર
શીર્ષકઃ ધરતી પરનું સ્વર્ગ
પ્રકારઃ ગદ્ય
શબ્દ સંખ્યાઃ૩૪૦

'માવતર એટલે મા બાપ' ગર્ભાધાનથી માંડીને એમનું સંતાન પોતાના પગ ઉપર ઊભું રહે ત્યાં સુધી છત્રછાયા બનીને પોતે ઘણું બધું જતું કરીને પોતાના સંતાનને એ તૈયાર કરે છે, પોતાના વ્યક્તિગત સુખનું બલિદાન આપે છે, આમ છતાંય એમનું સંતાન પગ ઉપર ઉભું રહેતું થાય અને ક્યાંક પાંચમા પુછાતું થાય એવું ઈચ્છતા હોય છે, આમ મા બાપ પોતાના સંતાનનું ક્યારેય બુરું નથી ઈચ્છતા, પોતે દુઃખી થાય છે પણ પોતાના સંતાનને સુખ આપે છે પોતાના સંતાનને આગળ વધારવા મજબૂરી વેઠીને પણ મા બાપ ટેકો બને છે, પોતાના સંતાન માટે એ પોતાનો શોખ જતો કરે છે પોતાના સંતાન માટે ક્યારેક પોતાના સ્વમાન સાથે પણ બાંધછોડ કરે છે.

પોતાના મા બાપ પોતાની શાંતિ જતી કરીને તેના સંતાનને ભણાવી ગણાવીને નોકરીએ લગાવે છે તેવા સંજોગોમાં સંતાન એવું નથી વિચારતો કે મારા મા બાપને પોતાની ઈચ્છાઓનું બલિદાન કરી મને આગળ વધાર્યો છે, જેને કારણે હું આટલે સુધી પહોંચી શક્યો છું એ ભૂલી જાય છે અને મા બાપને દુઃખ આપે છે છતાં પણ એ મા બાપ ક્યારેય એનુ બુરું નથી ઈચ્છતા, માવતર કમાવતર નથી થતાં '. આમ મા બાપનો સંતાનો માટેનો પ્રેમ અને ત્યાગ છે.

જેમને ખાતાં શીખવ્યું એમની જ ખોરાકી સંતાનને ભારે પડે છે, દૂધમાંથી છાશનો જન્મ થયો હોવા છતાં છાશનું એક ટીપુ દૂધને ફાડી નાખે છે તે જ રીતે સંતાનો મા-બાપને દગો કરતા અચકાતા નથી તેનું જીવતું જાગતું ઉદાહરણ છે "ઘરડાઘર"

માબાપને વૃદ્ધાશ્રમમાં ધકેલી દે,આજના જમાનામાં તો સંપત્તિ માટે સંતાનો મા-બાપને મારી નાંખે એવા દાખલાઓ પણ છે, મા બાપ ક્યારેય સંપત્તિ માટે સંતાનોને દુઃખ નથી આપતાં, પોતાના દરેક મા બાપ પોતાના મોઢાનો કોળિયો કાઢીને પોતાના સંતાનોને ખવડાવતા હોય છે, દુનિયાના દરેક મા બાપ પોતાની શક્તિ પ્રમાણે પોતાના સંતાનોને સારી રીતે ઉછેરતા હોય છે, અને સારામાં સારું ખવડાવતા હોય છે, જ્યારે સંતાન પોતાના માવતરને દુઃખ આપે પણ એના બદલામાં માવતર એને પ્રેમ અને ત્યાગ આપતા હોય છે.

"મર્યા પછી મોટા થવા શીરાપુરી ઉડાવતા ને જીવતાં તો ખીચડીના ફાં ફાં હતા"

ઘણી વખત એવું બનતું હોય છે મા બાપ જીવતાં હોય ત્યારે સાચવે નહીં અને મર્યા પછી મોટા થવા એમની પાછળ ખોટા ખર્ચા કરતા હોય છે.

"જીવતાં ત્યારે પાણી માટે તરસે જીવડો ને પછી પીપળે પાણી રેડતાં હતાં".

ખરેખર તો મા-બાપને જીવતાં સાચવવાના હોય છે, સમયસર જમાડવા પાણી પીવડાવવું સેવા ચાકરી કરવી, તેમને થોડો સમય આપવો, મા બાપને પૈસાની જરૂર નથી ,મા-બાપને પ્રેમ, હુંફ લાગણીની જરૂર હોય છે.

આપણને ઘોડીએ સાચવ્યા એમની ખાટલે સાચવવાની જવાબદારી સંતાનની છે,આટલું જો સંતાન સમજે તોય ઘણું છે.

દુનિયામાં ઉપર કોઈ સ્વર્ગ જોયું નથી, મા બાપના ચરણોમાં સ્વર્ગ છે, મા બાપની સેવા એ જ પ્રભુની સેવા છે.

- પાલજીભાઈ વી રાઠોડ સુરેન્દ્રનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOS SS No : 170**
વિષયઃ માવતર કમાવતર
પ્રકાર : અછંદાસ કૃતિ
શીર્ષક : " મમ્મી "
લેખક / કવિ : વિનયકુમાર મહેતા. (બારડોલી)

મમ્મી,
તમને યાદ તો હશે જ
તું અમારી બચાવ પ્રયુક્તિ હતી !
ભાઈ, બેન કે પપ્પા કંઈ કહે કે
તરત જ હું કહેતો :
મમ્મીને બોલવું ? કહી દઈશ !
તારા નામની બૂમ લગાવતો કે -
તરત જ બધી જ મુશ્કેલી ગાયબ !
તું મારી વન્ડર મોમ હતી !
એટલું જ નહિ -
સુપર મોમ પણ.
આજે પણ મારી સુપર મોમની સ્ટોરી
મારા બાળકોને કહું છું !
એટલે જ તો તું એમની
સુપર દાદી છો ?
દોડી દોડી તમારું કામ કરે છે એઓ !
પરંતુ
જેમ જેમ મોટો થતો ગયો
તું મારાથી દૂર થઈ, ને -
હું તારાથી !
મને અનેકવાર તારી જરૂર પડતી
પણ -
તું કહેતી હવે તું મોટો થયો છે !??
મને તો આજેય લાગતું નથી કે
હું મોટો થઈ ગયો છું !
પણ -
તારી આગળ તો તારો મુન્નો જ ને !
તું હવે ભાઈ કહીને બોલાવે છે
મુન્નો કેમ નથી કહેતી ?!!
મારે તો હજીએ
તારા પાલવ પાછળ સંતાવું છે
તારી ગોદીમાં આંલી કરવી છે
તું આં આં આં..... કરશે ને ?
હું તો હજીએ તને
મમ્મી જ કહું છું ને ?
તો -
તું પણ મારું બચ્ચું
મારું મુન્નું, મારું લાડકું કહી
કેમ નથી બોલાવતી ?!!!
હું તો શરીરથી જ મોટો છું !
બાકી આજે પણ તારો તો
મુન્નો જ છું ને..?!!
છોરું કછોરું થાય પણ -
ક્યારેય માવતર કમાવતર
આભાર - નિહારીકા રવિયા થાય ?

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:153** વિષયઃ "માવતર-કમાવતર"
શીર્ષકઃ"માવતર નો છોરું". પ્રકારઃગધ્ય. શબ્દોઃ૨૦૭
લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.

છોરું હોય કે કછોરું માવતર તેમનાં જીવતર નું ઘડતર પ્રમાણિકતા થી દિલ લગાવી ને કરતી હોય છે.તે કદી પણ કમાવતર બની શકતી નથી..સંતાનો નાં ઘડતર નો આધાર તેઓ જિંદગી નો મોટાં ભાગ નો સમય કોની સાથે વિતાવે છે,તેનાં પરણિત પાત્ર ની કેટલી શેહશરમ માં આવે છે, કેટલાં તેમનાં પોતાનાં વિચારો અપનાવે છે,અને તેનું કેટલું વજન પડે છે તેનાં પર રહેલ છે.માવતર પુરી જિંદગી જે પોતાનાં જીવન માં ન પામી શક્યાં તે પોતાનાં બાળકો પામે તેનાં માટે સમય અને પૈસા ખર્ચી કાઢે છે.મા-બાપે તેમની પાછળ ખર્ચેલ સમય અને પૈસા થી બાળકો અડધો સમય અને પૈસા પણ ખર્ચે તો પૃથ્વીલોક સ્વર્ગ બની જાય. દરેક માવતર ને પોતાનાં સંતાનો ને સત્યકામ બનાવવાં છે,પણ સંતાનો નવાં જમાનાં ની આબોહવા માં જૂઠ નો નકાબ ઓઢી લેતાં હોય છે.હું તો દરેક મા-બાપ ને સલાહ આપું કે તમારી જિંદગી માણો.સંતાનો ની જવાબદારી પુરી રીતે નિભાવો,તેમનાં મોજશોખ ને પોષવાં તમારી જિંદગી ને તાણો નહીં.અને દરેર સંતાનો ને પણ એ જ સલાહ આપું કે આપણાં મા-બાપે આપણી પાછળ જે સમય અને પૈસા વાપર્યા છે તેને લોન સમજી સુખ નાં હપ્તાં રુપી પાછાં વાળો.દુનીયા માં કોઈ છોરું ને કછોરું નું લેબલ નહીં લાગે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : માવતર કમાવતર
શિર્ષક : સંઘર્ષ
પ્રકાર : ગદ્ય - શબ્દો : ૩૫૦
લેખન : ગ્રીષ્મા પંડ્યા

રમાના મૃત્યુ પછી સુરેશની દુનિયા એટલે અમર.અમર મોટો થતો? ગયો, તેની માંગણી પણ? વધતી ગઈ. સુરેશની બચત કરવાની ટેવને લીધે અમરની નાનીમોટી માંગણીને? સંતોષતો? રહેતો.
અમર કૉલેજમા આવ્યો. નવા કપડાં, નવાં બૂટ અને સ્કુટરની માંગણી એણે એકસાથે જ કરી દીધી.સુરેશે લૉન લેવાનું વિચાર્યું.

અમરને આજે કૉલેજ જવાનું મોડું થતા નાછૂટકે અમર પપ્પાનુ સ્કૂટી લઈ ગયો.જતાં જતાં પોતાનાં ચંપલ તૂટી ગયાં તો નાછૂટકે તેણે પપ્પાના ચંપલ પહેરવાં પડ્યાં. રસ્તામાં પેટ્રોલ પુરાવતા, સ્કૂટી જોતાં જ પેટ્રોલ ભરનાર માણસને ખ્યાલ આવી જતાં બોલ્યો કે આ તો સુરેશભાઈનુ સ્કૂટી છે.કેમ બેટા,આજે સ્કૂટી પર તું? પપ્પા ક્યાં?

અંકલ,જવા દોને? આ ખટારા સ્કૂટી પર કૉલેજ પહોંચતા પણ? વાર લાગશે. હા બેટા,તારા પપ્પાને મેં કેટલી વાર કીધું કે આ સ્કૂટી કાઢીને હવે નવું સ્કૂટર લઈ લો પણ, "મારા દીકરાને નવું સ્કૂટર આપવું છે એમ જ બોલે."

રસ્તામાં પપ્પાના પહેરેલા ચંપલ તૂટતા, અમર મોચી પાસે ગયો. મોચીએ ચંપલ જોઈને તરત કીધું કે દીકરા ,આ તો સુરેશભાઈના જુતા છે ! કંઈ કેટલીયે વાર એમાં મેં જ તો થીંગડા નાખ્યા છે! નવા બૂટ લેવાનું કહું તો, દીકરાને નવા બૂટ અપાવવાનુ બહાનું કાઢતાં.

" પપ્પાએ પોતાની તકલીફ વિષે મને કંઈ જ જણાવ્યું નથી.બસ, મમ્મી વગર ઘર ચલાવ્યું,મને સાચવ્યો, ભણાવ્યો,મોટો કર્યો! અને હું? મારી માંગણીઓ મૂકતો ગયો અને મારી દરેક માંગણીને એમની લાગણીથી પૂરી કરતા ગયા."આંખમાં ઝળઝળીયા સાથે કૉલેજ આવ્યો.

આજે અમરનો કૉલેજમાં ફર્સ્ટ રેન્ક હતો.ગ્રેજ્યુએશન પછી એને એક સારી કંપનીમાં જોબ ઑફર આવી.ઈન્ટરવ્યુ આપવા માટે તેણે પપ્પાના ચંપલ જ વાપર્યા. આ જોતાં જ ઑફીસરે અમરને ટોકતાં પૂછ્યું તો,અમરનો જવાબ એ હતો કે સર, મારા કામને તમે જોજો.એ બધું તો હું મારા પહેલા પગારમાંથી લાવી જ શકીશ. પણ આજે મેં જે પહેર્યું છે એમાંથી મારા પપ્પાની મહેનતના પરસેવાની મહેક આવે છે. માટે પ્લીઝ સર!

ઓફીસરે આ પ્રભાવશાળી અને સ્વાભિમાની યુવાનની ખુમારીથી તરતજ તેને નોકરી આપી દીધી.

ઘેર પહોંચ્યો ત્યારે એના પપ્પા એક નવા જ સ્કુટરની સાથે ચાવી લઈને? ઊભા હતા.અમર તેમને પગે લાગી,ચાવી લઈને પાછી આપી દેતાં એટલું જ બોલ્યો કે પપ્પા, આજથી આ સ્કૂટર તમારે ચલાવવાનું. લૉનના બધા હપ્તા હું ચૂકવીશ. આજે મને સમજાયું પપ્પા કે,માવતર કદી કમાવતર ના થાય!અસ્તુ!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO. 215,**
વિષય : " માવતર કમાવતર "
શીર્ષક : 'માવતર કમાવતર ક્યાં થાય છે'
વિભાગ : પદ્ય, શબ્દ : ૬૫.
નામ : શ્યામ ગોયાણી (શિવેન્દ્રનગર)

માવતર કદી કોઈનાયે, કમાવતર ક્યાં થાય છે?
સંતાનોનાં ભવિષ્ય માટે જિંદગી ખપી જાય છે.

જાત ઘસીને કમાયેલું, ના જાત માટે ખરચતા,
સંતાનોનું જીવન, બહેતર બનાવવાં ખર્ચાય છે.

પોતાની જરૂરિયાતોને ગૌણ ગણી કોરાણે મૂકી,
બાળકોની જરૂરિયાતોને પ્રાથમિકતા અપાય છે.

ઉપકારો માવતરનાં, કદીએ ભૂલશો નહીં,બાકી,
આખરમાં ઉપકારો નહીં, માબાપ જ ભુલાય છે.

સંતાનો આપણા 'શ્યામ' આપણાથી જ શીખે,
જેવું આપો માબાપને, એવું જ પ્રાપ્ત થાય છે.

# યુ.પી.ઈ.એસ, એનીમલ લો સ્ટડી ક્લબ દ્વારા 'પશુ કાયદાઓ' વિષય પર 'રાષ્ટ્રીય વર્ચ્યુઅલ કોન્ફરન્સ'નું આયોજન

યુ.પી.ઈ.એસ, એનીમલ લો સ્ટડી ક્લબ દ્વારા 'પશુ કાયદાઓ' વિષય પર 'રાષ્ટ્રીય વર્ચ્યુઅલ કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૦૩ માં સ્થપાયેલ, યુ.પી.ઈ.એસ (ઈજી) એ તેના ઉદ્યોગ-સંરેખિત અભ્યાસક્રમ અને અદ્યતન વિશેષતાઓ માટે જાણીતી એક બહુશાખાકીય સંસ્થા છે. યુ.પી.ઈ.એસ સ્કૂલ ઑફ લૉ, એક એવી સંસ્થા છે જે ડિજિટલ યુગમાં કાનૂની શિક્ષણને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે નવીનતા સાથે પરંપરાને જોડે છે. યુ.પી.ઈ.એસનો ટેકનોલોજી-સંચાલિત, યોગ્યતા-આધારિત અભિગમ દરેક વિદ્યાર્થીઓની અનન્ય જરૂરિયાતોને અનુરૂપ ગતિશીલ વાતાવરણ બનાવે છે.

યુ.પી.ઈ.એસ દેહરાદૂન ખાતેની એનિમલ લો સ્ટડી ક્લબ દ્વારા ૫મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ વર્ચ્યુઅલ રીતે યોજાઈ રહેલા ફ્લેગશિપ કાનૂની ઉત્સવ ×વિધી ઉત્સવ×ના ભાગરૂપે '૧લી નેશનલ કોન્ફરન્સ ઓન એનિમલ લો' યોજાઈ રહી છે. કાયદા અને કરુણા વચ્ચેના સહજીવન સંબંધને શોધવા માટે આ નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેશનલ કોન્ફરન્સમાં ચર્ચા, આંતરદષ્ટિ અને સંશોધન દ્વારા પ્રાણી કાયદા વિષે સૌ ને જાણકારી આપવાનો હેતુ છે. પશુ, પક્ષીઓની સુખાકારી સુનિશ્ચિત કરવા, તેમનો દુરુપયોગ અટકાવવા અને જૈવવિવિધતાને જાળવવા માટે વ્યાપક પશુ કલ્યાણ કાયદાની સ્થાપના મહત્વપૂર્ણ છે. આ કાયદાઓ માત્ર પશુ, પક્ષી, પ્રાણી પ્રત્યેની આપણી નૈતિક જવાબદારીને જ પ્રતિબિંબિત કરતા નથી, પરંતુ ઈકોસિસ્ટમના એકંદર આરોગ્યમાં પણ યોગદાન આપે છે.

જેમ જેમ આપણે માનવ અને પ્રાણી કલ્યાણ વચ્ચેના જટિલ સંબંધોને ઓળખીએ છીએ તેમ મજબૂત કાનૂની માળખાની હિમાયત કરવી અનિવાર્ય બની જાય છે. આ પરિષદનો ઉદ્દેશ્ય પ્રાણી સંરક્ષણ અને કલ્યાણ માટેના વિવિધ વર્તમાન કાયદાકીય અને સામાજિક માળખા પર ચર્ચા કરવાનો છે. પરિષદમાં પ્રસ્તુતિ માટે શિક્ષણવિદો/સંશોધન વિદ્વાનો/ અધિવક્તાઓ અને વિદ્યાર્થીઓ પાસેથી મૂળ અપ્રકાશિત સંશોધન પેપર/લેખો અને કેસ સ્ટડીઝને આમંત્રિત કરવામાં આવ્યા છે. અંડરગ્રેજયુએટ/અનુસ્નાતક વિદ્યાર્થીઓ, સંશોધન વિદ્વાનો, શિક્ષણવિદો, વ્યાવસાયિકો અને એનજીઓ માટે ખુલ્લું છે. કોઈપણ રસ ધરાવનાર વ્યક્તિ હસ્તપ્રત સબમિટ કર્યા વિના, કોન્ફરન્સમાં ભાગ લઈ શકે છે.

પ્રાણી કલ્યાણ માટે ન્યાયિક સક્રિયતા, પશુ અધિકારો માટે પશુ પરીક્ષણના વિકલ્પો, નૈતિક આવશ્યકતાઓ અને વૈજ્ઞાનિક પ્રગતિ, કાનૂની જૈવ સંરક્ષણ અને કાયદાકીય પ્રિવેન્ટિંગ કાયદામાં પ્રાણીના અધિકારોને માન્યતા આપવી, પ્રાણી કાયદાના અમલીકરણ અને પ્રાણી કલ્યાણની દેખરેખમાં કૃત્રિમ બુદ્ધિનો વિકાસ, વનસ્પતિ-આધારિત માંસ વિકલ્પોનો ઉદય અને પ્રાણીઓના વપરાશમાં ઘટાડો કરવો, પ્રાણીઓના કલ્યાણ અને સંરક્ષણ, આબોહવા પરિવર્તનની અસર, પશુ કતલ પર કાર્યકારી જવાબદારી, પ્રાણીઓની હત્યા ગેરકાયદેસર, વન્યપ્રાણી વેપાર સામે લડવામાં બ્લોકચેનની ભૂમિકા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ જેવા વિવિધ વિષયો પર ચર્ચાઓ કરવામાં આવશે.

# જીવનમાં શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી -સંત રાજીન્દર સિંહજી મહારાજ

આપણે આપણા જીવનમાં શાંતિ સ્થાપિત કરવા માટે શું કરી શકીએ? મારી પાસે આ વિષયમાં એક સરળ સૂચન છે. આપણને આશ્ચર્ય થશે કે અત્યાર સુધી આપણે આ વિષયની ઉપેક્ષા કેમ કરી? વિશ્વ શાંતિની સ્થાપના નો પ્રથમ પાયો આપણે સ્વયં છીએ. આપણે પોતે ધ્યાન અભ્યાસ દ્વારા પોતાના અંતરમાં શાંતિની શોધ કરવી પડશે અને ત્યારે જ આપણે વિશ્વ શાંતિની સ્થાપના માં એક મહત્વપૂર્ણ કડી બની શકીશું. તમે એવું કહેશો કે×હું એકલો વ્યક્તિ પોતે આંતરિક શાંતિ મેળવી ને પુરા વિશ્વની શાંતિ માં શું યોગદાન આપી શકું?× આપણે આપણા કાર્યો દ્વારા આ સમાજ અને પુરી માનવતા માં પણ પરિવર્તન લાવી શકીએ છીએ. આ પરિવર્તનની શરૂઆત સ્વયં પરિવર્તનથી અને પોતાની શાંતિની શોધ થી થશે.



જો આપણે ધ્યાન દ્વારા આંતરિક શાંતિ પ્રાપ્ત કરી લઈએ તો આપણને આત્મિક પ્રસન્નતાનો અનુભવ થશે. તે આત્મિક શાંતિ અને આનંદનો અનુભવ મળ્યા પછી સર્વ પ્રથમ તમે તમારા પરિવાર અને આસપાસના લોકોને શાંત કરવામાં મદદ રૂપ થશે. તે પછી શાંતિનું આ વર્તુળ ધીમે ધીમે સમાજ અને દેશમાં ફેલાશે અને સમગ્ર વિશ્વમાં ફેલાશે. આ રીતે એક પછી એક આપણે એકબીજા સાથે જોડાઈને વિશ્વ શાંતિ સ્થાપિત કરી શકીશું. મનોવૈજ્ઞાનિક નીતિ સમજાવે છે કે કોઈપણ વ્યક્તિ નથી ઈચ્છતી કે બીજી કોઈ વ્યક્તિ તેને સમજાવે કે તેના માટે શું યોગ્ય છે.

બીજાઓને એવું કહેવું કે તેઓ શાંતિ નું જીવન જીવે તે પૂરતું નથી. જો આપણે ઈચ્છીએ છીએ કે આપણી વાત ની અસર બીજાઓ પર થાય તો આપણે તેને પ્રથમ આપણા જીવનમાં ઢાળવું જોઈએ. જો આપણે ધ્યાન અભ્યાસ દ્વારા આપણા અંતરમાં આંતરિક શાંતિ પ્રાપ્ત કરી શકીએ તો તેનાથી આપણું જીવન બદલાઈ જશે અને આપણે હંમેશા શાંત રહીશું. જેનાથી બીજા વ્યક્તિઓ જિજ્ઞાસા વશ થઈને એ જાણવાનો પ્રયત્ન કરશે કે આપણી ખુશી નું રાજ શું છે? અને સાથે સાથે એ પણ જાણવાનો પ્રયત્ન કરશે કે આપણે આ ખુશી અને શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરી છે? આનો સૌથી મોટા ઉદાહરણ સંત મહાત્મા હોય છે. એમનું જીવન આપણી સામે શાંતિનું જીવતું જાગતું ઉદાહરણ હોય છે. જે પણ તેમના ચરણ કમળો માં આવે છે તેને તેઓ આંતરિક શાંતિ માં જોડી દે છે.

તો આવો આપણે પણ ધ્યાન અભ્યાસ દ્વારા પોતાના અંદર શાંતિનો દ્વીપ પ્રગટાવીએ તેનો પ્રકાશ બીજાઓને પણ રોશન કરી દે જેનાથી એમનું જીવન પણ શાંતિ અને પ્રકાશ થી ભરપૂર થઈ જાય. ત્યારે જ સાચી રીતે અહિંસાનો દિવસ બનાવી શકીશું.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૪૩ મું અંગદાન.....

# વસંતપંચમીની પૂર્વ સંધ્યા એ સમગ્ર પરીવારજનો એ લીધો અંગદાનનો પવિત્ર નિર્ણય




**અમદાવાદ નાં નરોડા વિસ્તાર માં રહેતાં ૫૪ વર્ષીય અમૃતભાઇ પંચાલ ને એકટીવા સ્લીપ થતાં માથાના ભાગમાં ગંભીર ઇજા થતાં ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા**

**........**

**પદ્મશ્રી સ્વ. ડો.એચ એલ ત્રિવેદી એ વર્ષો પહેલા સમજાવેલા અંગદાન થી જીવનદાન નાં મહત્વ થી પ્રેરાઈ પરિવારજનો એ લીધો અંગદાન નો નિર્ણય**

**........**

**ઉક્ત અંગદાન થી બે કિડની અને એક લીવરનું દાન મળ્યું , જેને સિવિલ મેડિસિટીની જ કિડની ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ જરુરીયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરાયા**

સમગ્ર વિગતો એવી છે કે ,અમદાવાદનાં નરોડામાં રહેતાં ૫૪ વર્ષના અમૃતભાઈને બાઈક સ્લીપ થતાં માથાના ભાગમાં ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા તારીખ ૧૧ ફેબ્રુઆરીનાં રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા.

તા.૧૩ ફેબ્રુઆરીના રોજ તબીબો દ્વારા બ્રેઈન ડેડ જાહેર થયા બાદ તેમના પરિવારજનોને સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા અંગદાન અંગેની સમજૂતી આપવામાં આવતા પરિવારજનોએ વર્ષો પહેલા ડૉ.એચ.એલ ત્રિવેદી સાહેબની સમજણથી તેમનાં ઘરનાં એક વડીલનું અંગદાન કર્યું હોવાનું જણાવ્યું તેમજ એ અંગદાન કરનાર પુત્રને આજેપણ તેમનાં પિતાશ્રી કોઈ બીજાંનાં શરીરમાં જીવિત છે. હજુ પણ તેમને દરેક પ્રસંગે આશીર્વાદ આપતા હોય તેવી લાગણી તેઓ અનુભવે છે તેવું જણાવ્યું.

તેથી આ દુઃખની ઘડીમાં પણ જ્યારે અમૃતભાઇનાં બ્રેઈન ડેડ હોવાની સિવિલ હોસ્પિટલનાં ડોકટરો એ જાણ કરી ત્યારે તરત જ એકપણ ક્ષણનો વિલંબ કર્યા વગર ડૉ. એચ.એલ.ત્રિવેદી એ વર્ષો પૂર્વે સમજાવેલ અંગદાનના મહત્વને યાદ કરી અંગદાનનો નિણર્ય લીધો

અંગદાનના નિર્ણય બાદ સિવિલ હોસ્પિટલના તબીબો એ તેમના અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયા હાથ ધરી. જેના અંતે બે કિડની અને લીવરનું દાન મેળવવામાં સફળતા મળી.

અંગદાનમાં મળેલા આ ત્રાણેય અંગોને અમદાવાદ સિવિલ મેડીસીટીની જ કિડની ઈન્સ્ટિટયૂટમાં દાખલ જરૂરિયાતમંદ દર્દીમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરવામાં આવ્યાં છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ આ ક્ષણે જણાવ્યું હતું કે , ડૉ.એચ.એલ ત્રિવેદી સાહેબે શરૂ કરેલ અંગદાનથી જીવનદાનનો વિચાર આજે સાચા અર્થ માં સમાજ માં પ્રસર્યો હોય તેવું લાગે છે. સ્વ. એચ એલ ત્રિવેદી સાહેબ જીવતા જીવ તો ઘણા લોકો ને મદદરૂપ થયા છે પણ મૃત્યુ પછી પણ તેમનાં વિચારો લોકો ને નવુજીવન આપવાનાં આ મહાયજ્ઞ માં અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

### આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે નોડલ અધિકારીશ્રીઓની બેઠકમાં માર્ગદર્શન આપતા કલેક્ટરશ્રી

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ને ધ્યાને લઈને ગાંધીનગર જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા નિમણૂક કરાયેલા વિવિધ નોડલ ઓફિસરોની એક બેઠક જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી એમ. કે. દવેના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ ઉપસ્થિત નોડલ અધિકારીઓને સોંપવામાં આવેલી કામગીરી સંદર્ભે વિચાર વિમર્શ કર્યો હતો અને ચૂંટણીલક્ષી કામગીરી સંદર્ભે સતત અપડેટ રહીને વહેલી તકે આનુષાંગિક કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. ખાસ કરીને ચૂંટણીલક્ષી કામગીરી સંદર્ભે પ્રથમ વખત નોડલ અધિકારી તરીકે કાર્ય કરી રહેલા અધિકારીઓને તેમની કામગીરી સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આગામી સમયમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં પારદર્શિતાથી યોજાય તે માટે નોડલ અધિકારીઓને પરસ્પર સંકલન દ્વારા વધુ સારી કામગીરી કરવા જિલ્લા કલેક્ટરશ્રીએ અનુરોધ પણ કર્યો હતો.

# કચ્છના આદિપુરમાં વિંગ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્યુટી પરજેન્ટ નું સુંદર આયોજન મિટ ડાઉન ખાતે કરવામાં આવ્યું




કચ્છ આદિપુર - વિંગ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ - ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ બ્યુટી પ્રજેન્ટ નુ આયોજન મિડ - ટાઉન આદિપુરમાં સાંજે પાંચ થી બાર સમય દરમિયાન કરવામા આવ્યુ. વિંગ્સ ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૪ વર્ષ થી કચ્છ બ્યુટી પ્રજેન્ટ આયોજન કરે છે. આ પાંચમું વર્ષ છે સ્પર્ધા આયોજન નુ સ્પર્ધા દ્વારા કચ્છ ના કલાકારો ની કલા વિકસાવી અને તેમને આગળ વધારવા નો એક પ્રયાસ છે. કચ્છ ના બાળકો અને યુવાનો ની પ્રતિભા ને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બ્યુટી પ્રજેન્ટ માં ૬ થી ૧૨ વર્ષ અને ૧૩ થી ૧૭ વર્ષ ૧૭ થી ૨૫ વર્ષ ના સ્પધકોએ ભાગ લીધો હતોજજ તરીકે મુખ્ય મહેમાન જ્યુરી સિદ્ધાંત ઝીંઝુવાડિયા, જ્યુરી હીના રાજગોર સભાળ્યુ હતુ.આ સ્પર્ધા માં સ્પોન્સર રીવા જ્વેલર્સ, વીડ વુલ્ફ ફર્નિચર, જસ્ટ ઓઈલ, ખાવડા, હેન્ડિક્રીફ નો આર્થિક સહયોગ રહ્યો. મિડિયા પાર્ટનર રીપબ્લિક ઈન્ડિયા ટુડે ન્યુઝ ટીમ હાજર રહ્યા હતા.આયોજન સફળતા પૂર્વક પાર પાડવા માં મુખ્ય અર્પિત જોનવાલ પ્રેસિડેન્ટ, સ્મિતા સોરઠીયા, વાઈસ પ્રેસીડેન્ટ પરેશ ખીનીવાલ સેક્રેટરી બિનિતા બંસલ ખજાનચી વિરમદેવસિંહ સરવૈયા, પ્રોજેકટ પર્સનલ પપ્પુ ભાઈ, પ્રોજેકટ પર્સન અશ્વિની ગોખલે પી.આર અરુણ કુમાર ડાભી પી.આર નો સહયોગ રહ્યો હતો. ફાઉન્ડર પિન્કીબેન આહીર, પલ્લવી શશીધરન, સુનિતા ચૌધરી, છાયા ચૌહાણ જહેમત ઊઠાવી હતી - રીપોર્ટ બાય - મહેશ રાજગોર ભચાઉ



આજ રોજ જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના નવ નિયુક્ત મુખ્ય ઈજનેર શ્રી ડી.એચ.વસાવા સાહેબનું બુકે આપી સ્વાગત કરી તેમની સાથે શુભેચ્છા મુલાકાત રાખવામાં આવી હતી. આ પ્રસંગે એશોસીએશનના હોદ્દેદારો તથા જનરલ કાઉન્સિલ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંતલપુરના પીપરાળા ચેકપોસ્ટ પરથી પોલીસે ભારતીય ચલણ રૂપિયા.૫૦૦ ની ૪૪૬ બનાવટી નોટો નોટો સાથે એક ઈશમ ને ઝડપ્યો

પાટણ જિલ્લાના સાંતલપુર પોલીસે નકલી નોટો સાથે એક ઈસમને ઝડપ્યો જે બાતમીના આધારે પીપરાળા ચેક પોસ્ટ નજીક થી ભારતીય ચલણ ની નકલી નોટો ઝડપાઈ છે.જેમાં ૫૦૦ના દરની ૪૪૬ નોટો મળી કુલ ૨લાખ ૨૩હજાર ની નકલી નોટો ઝડપયાઈ હતી પાટણ જિલ્લાના સાંતલપુર પીપરાળા ચેક પોસ્ટ પરથી ભારતીય ચલણ નાંણાની રૂપિયા.૫૦૦ના દરની બનાવટી નોટો નંગ-૪૪૬ સાથે સાંતલપુર પોલીસે એક આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.બાતમી નાં આધારે ગણેશ ટ્રાવલ્સની લકઝરી બસ નં- છઈ.૦૧્.૮૯૬૯ની અંદર ગણેશ કામત નામનો એક ઈસમ જેણે શરીરે સફેદ કાળા બ્લ્યુ કલરના પટ્ટાવાળુ ટી- શર્ટ તથા કાળા કલરની નાઈટી અને જેકેટ પહેરેલ છે. જે ઈસમ લકઝરી બસમાં સિંગલ શીટની લાઇનમાં પ્રથમ શીટની ઉપરના ભાગે સુતલો છે જે બિકાનેર રાજસ્થાનથી મોરબી જઇ રહેલ છે જેની પાસે ભારતીય નાંણાની બનાવટી ચલણી નોટો છે અને જે લકઝરી બસ વહેલી સવારના સાંતલપુર થઈને આડેસર કચ્છ તરફ જનાર છે .જે હકિકત આધારે પીપરાળા ચેકપોસ્ટ ખાતે પંચોના માણસો સાથે નાકાબંધી કરીને સઘન વાહન ચેકિંગ કરતાં બાતમી હકિકતવાળો ઈસમ ગણેશ લકઝરી બસમાંથી મળી આવતાં તેનું નામ ઠામ પુછતાં પોતાનું નામ ગણેશ સ/ઓ બિહારી બેકુ જાતે-કામત ઉ.વ.૨૪ રહે- હાલ બિકાનેર, જસુસર ગેટ દેવીસિંહજી ના મકાનની પાછળ વોર્ડ-૪ તા.જિ.બિકાનેર (રાજસ્થાન) મુળ-ડોર તા થાણુ ફુલપુરાશ જિ.મધુબન્ની (બિહાર)વાળો હોવાનું જણાવ્યું હતું ગણેશ નામના વ્યક્તિ પાસે પર્સમાંથી ભારતીય ચલણી નાંણાની રૂ.૫૦૦ના દરની બનાવટી નોટ નંગ-૦૬ તેમજ તેની પાસે રહેલ કપડાના થેલામાંથી ભારતીય ચલણી નાંણાની રૂ.૫૦૦ના દરની બનાવટી નોટ નંગ-૪૪૦ મળી કુલ બનાવટી નોટ નંગ-૪૪૭ કુલ રૂ.૨.૨૩,૦૦૦ ના દરની ગણીને તેમજ મોબાઈલ ફોન-૦૧ કિ.રૂ.૧૦૦૦૦- તેમજ યુનિયન અને જીૈં બેન્કના ડેબીટ કાર્ડ ૦૩, પાસબુક ૦૧, ચેક બુક-૦૧, રૂ.૫૦ ના દરની નોટ-૧. રૂ.૫ ના દરની નોટ-૦૧, રૂ.૨ ના દરની નોટ-૦૧ જે સાચી નોટો મળી કુલ રૂ.૧૦૦૫૭ નો મુદ્દામાલ કબ્જે કરી એફ.એસ.એલ. અધિ. પાટણ અને જીૈં બેંક મેનેજર રાધનપુર પાસે બનાવટી નોટો ચકાસણી કરાવતાં તમામ બનાવટી નોટો હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવીને પકડાયેલ આરોપી ગણેશ તથા બનાવટી નોટ આપનાર આરોપી દેવકિશન ઓઝા રહે બિકાનેર રાજસ્થાનવાળા વિરૂધ્ધ સાંતલપુર પોલીસ સ્ટેશન માં ગુનો નોંધી આગળ ની વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ




પૂજ્ય લાલજી મહારાજશ્રી શ્રી રેવતીજી બળદેવજી દાદા ની સમક્ષ પ્રસાદી ના તુલસી પત્ર અર્પણ કરી શ્રી અમિતભાઈ શાહ સાહેબ ને આશીર્વાદ પાઠવ્યા

## ડાંગ જિલ્લાના સરકારી વિનયન અને વાણિજ્ય આહવાના પ્રાધ્યાપકશ્રી ડો. પરેશભાઈ તુલસીભાઈ લાલૈયા પી.એચ.ડી થયા



સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પ્રાધ્યાપકશ્રી ડૉ. પરેશભાઈ તુલસીભાઈ લાલૈયા એ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરતની સંલગ્ન કોલેજ (૧) શ્રી એ.એલ.જે.પટેલ તથા (૨) શ્રી ડી.જે.પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ચકલાદ-સરભણ (ભરૂચ) ના કોમર્સ વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. સંજયભાઈ.આર.સિંદે ના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય પૂર્ણ કર્યુ છે.

તેઓએ રજૂ કરેલા મહાશોધ નિબંધ "A STUDY ON CUSTOMERS'S PERCEPTION TOWARDS PRADHAN MANTRI JEEVAN JYOTI BIMA YOJANA AND PRADHAN MANTRI SURAKSHA BIMA YOJANA" (WITH SPECIAL REFERENCE TO SOUTH GUJRAT REGION) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખીને, પી.એચ.ડીની પદવી એનાયત કરી છે.જે માટે કોલેજ પરિવાર દ્વારા પ્રાધ્યાપકશ્રી. ડૉ.પરેશભાઈ ટી. લાલૈયાને અભિનંદન પાઠવાયા હતા.




# બ્રહ્મા કુમારી દ્વારા ધ્વજા યાત્રા યોજાઈ: ધર્મમય માહોલમાં ૫૧ શક્તિપીઠે ધ્વજા અર્પણ કરાઈ

રાજ્ય સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી-૨૦૨૪ દરમિયાન ‘શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ‘નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે મહોત્સવના ત્રીજા દિવસે બ્રહ્મા કુમારી દ્વારા વિશેષ ધ્વજા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત બ્રહ્મા કુમારી સંસ્થાના મનોજભાઈ દ્વારા આશીર્વચન પાઠવી પરિક્રમા યાત્રાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા. હાથમાં ધ્વજા અને મનમાં ઉત્સાહ સાથે માઈભક્તોએ જય અંબેના જય નાદ સાથે ધર્મમય માહોલમાં શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથ પર પ્રયાણ કર્યું હતું.

આ પ્રસંગે મનોજભાઈએ અંબાજીને આધ્યાત્મિક ઉર્જાનું કેન્દ્ર ગણાવી, આધ્યાત્મિક શક્તિ થકી જ ભારત વિશ્વગુરુ બની શકે એમ જણાવી શક્તિપીઠમાંથી શ્રદ્ધાળુઓએ આધ્યાત્મિક જ્ઞાન ગ્રહણ કરી ભારત દેશને આધ્યાત્મિક ગુરુ બનાવવાની દિશામાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. તેમજ માના ખોળે આવ્યા છીએ તો શક્તિ મેળવીને જવાનું છે એમ કહી આધ્યાત્મિક શક્તિ ઉજાગર કરવા ભક્તોને અપીલ કરી હતી.

આ પ્રસંગે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટીદાર સુશ્રી સિદ્ધિ વર્મા સહિતના અધિકારીશ્રીઓ, સામાજિક ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ભાવિક શ્રદ્ધાળુઓ સહભાગી બન્યા હતા.

## અભીનંદન



નીકોલ અમદાવાદ રહેતા શ્રી હેમંતભાઈ એસ પંડ્યા તથા છાયાબેન હેમંતભાઈ પંડ્યા ની પુત્રી અને સુરેન્દ્રનગર નાં શ્રી મહેન્દ્રભાઈ જે જોશી તથા ભાવનાબેન મહેન્દ્રભાઈ જોશી નાં પુત્રવધુ કિંજલબેન દર્શિતભાઈ જોશી ને ક્લાસવન અધિકારી તરીકે પ્રમોશન મળતાં ગુજરાત સરકારના નાણા વિભાગમાં ઉપ સચિવ તરીકે નિમણૂક મળેલ છે વાલમ બ્રાહ્મણ સમાજમાંથી અને પોતાના વતન નિકોલગામમાંથી ઉપસચિવની પદવી મેળવનાર પ્રથમ મહિલા તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી પંડ્યા પરિવાર અને જોશી પરિવારને સાથે વાલમ બ્રાહ્મણ સમાજનુ ગૌરવ વધાર્યું છે શ્રીમતી કિંજલ પંડ્યા-જોશીને ખૂબખૂબ અભિનંદન સાથે શુભેચ્છા



આજે વસંત પંચમી નિમીત્તે સાદરા જક્ષની માતાજીને સુંદર શણગાર કરવામાં આવ્યો હતો મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ મા ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી- મનહરસિંહ વાઘેલા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.